# ઘરફોડ ચોરીના એક ઈસમને પકડી પાડતી ઉમરા પોલીસ

સુરત શહેરના ઉમરા પો.સ્ટે. વિસ્તારમાં તા. ૧૬/૦૨/૨૦૧૯ ના રોજ એક ઈસમ ચાદર ઓઢેલ તથા બ્લુ કલરની જીન્સ પેન્ટ પહરેલ ઈસમે રૂંઢ મગદલ્લા સુરત ખાતે આવેલ શોર્ટસ એમ્યુઝમેન્ટ એલ.એલ.પી.ગેમ ઝોન ખાતે ગેમ ઝોનમાં રાત્રીના દાખલ થઈ ઓફિસના તિજોરીમાં રાખેલ રોકડા રૂપિયા ૫,00,000/- તથા કબાટમાં રાખેલ રોકડા રૂપિયા ૧,૨૧,૭૨૭/- મળી કુલ્લે રૂપિયા ૬,૨૧,૭૨૭, ની મત્તાની ચોરી કરી લઈ ગયેલ જે આરોપીની શોધખોળ માટે ઉમરા પો.સ્ટે. ના પોલીસ માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ASI શ્રી મેહુલભાઈ દિલસુખરાય તથા પો.કો.દિનુ વિદ્યાસાગર નાઓને મળેલ બાતમી આધારે આરોપી વૈભવ પ્રમોદકુમાર તાતડે ઉ.વ.૧૯ રહે-ફ્લેટ નં.૭૦૨, વૈભવ એપાર્ટમેન્ટ ગીતા પ્રેસની બાજુમાં ભટાર, સુરત મુળ રહે-લણુકા ચોક થાના-બાલોતરા જી-બાઢમેર (રાજસ્થાન) નાને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી ઉમરા પો.સ્ટે. । ગુ.ર.નં. ૫૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૪૫૭, ૩૮૦ મુજબનો વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરવામાં આવેલ છે.